# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૧



## મંગલ આશીર્વચન

હે જિજ્ઞાસુ! તું તો નિગોદમાંથી બહાર નીકળ્યો છે, મનુષ્યપણું પામીને પંચમ પરમભાવને બતાવનારી જિનવાણી સાંભળવા આવ્યો છે, સાંભળે છે તો તું પરમાત્મપણે પરિણમી શકે એવો જ છો. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક જ છો માટે સંદેહ ન કર, નિઃસંદેહ થા. અમે તને કહીએ છીએ કે તું સ્વભાવપણે પરિણમવાને લાયક છો, તો પછી તું નિઃસંદેહ કેમ થતો નથી?

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જો મનુષ્યની પાસે ત્રણે લોકને વશીભૂત કરવા માટે અદ્વિતીય વશીકરણમંત્ર સમાન દાન અને વ્રત આદિથી ઉત્પન્ન થયેલ ધર્મ વિદ્યમાન હોય તો એવા ક્યા ગુણ છે જે તેના વશ ન થઈ શકે? તે ક્યું સુખ છે જે તેને પ્રાપ્ત ન થઈ શકે? અને એવી કઈ વિભૂતિ છે જે તેને આધીન ન થતી હોય? અર્થાત્ ધર્માત્મા મનુષ્યને સર્વ પ્રકારના ગુણ, ઉત્તમ સુખ અને અનુપમ વિભૂતિ પણ સ્વયમેવ પ્રાપ્ત થઈ જાય છે. ૧૨૩૩.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંશવિંશતિ, દાન અધિકાર, શ્લોક-૧૯)*

❀ જે ગૃહસ્થ, મુનિ, શુદ્ધ ચિદ્રૂપના લક્ષણને જાણતાં નથી તેને પંચનમસ્કાર આદિ સ્મરણ શ્રેષ્ઠ છે. ૧૨૩૪.

*(શ્રી જ્ઞાનભૂષણ, તત્ત્વજ્ઞાન-તરંગિણી, અધિ.-૧૩, ગાથા-૧૨)*

❀ સૂક્ષ્માદિ પદાર્થો પરોક્ષ હોવા છતાં પણ સમ્યગ્દષ્ટિઓના સમ્યક્ત્વનું એવું કોઈ માહાત્મ્ય છે કે જેથી તેમને આ જગતનું આસ્તિક્યપૂર્વક જ્ઞાન હોય. ૧૨૩૫.

*(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ઉત્તરાર્દ્ધ, શ્લોક-૪૮૭)*

❀ તપ, શ્રુત (શાસ્ત્રકા જ્ઞાન), યમ (મહાવ્રત), જ્ઞાન (બહુત જાનના), ધ્યાન ઔર દાન કરના તથા સત્યશીલ વ્રતાદિક જિતને ઉત્તમ કાર્ય હૈ ઉન સબકી માતા એક અહિંસા હી હૈ. અહિંસાવ્રતકે પાલન બિના ઉપર્યુક્ત ગુણમેંસે એક ભી નહિ હોતા. ઈસ કારણ અહિંસા હી સમસ્ત ધર્મકાર્યોંકી ઉત્પન્ન કરનેવાલી માતા હૈ. ૧૨૩૬.

(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૮, શ્લોક–૪૨)

❀ જિનવાણીરૂપ સૂત્રનું ઉલ્લંઘન કરીને ઉપદેશ દેનાર પુરુષ ભલે ક્ષમાદિક ઘણા ગુણ તથા વ્યાકરણાદિ વિદ્યાઓનું સ્થાન હોય તોપણ તે છોડવાયોગ્ય છે.— જેમ લોકમાં વિષધર–સર્પ શ્રેષ્ઠ મણિ સહિત હોય તોપણ વિઘ્નકારી છે–તેથી છોડવાયોગ્ય છે. ૧૨૩૭.

(આચાર્ય શ્રી ધર્મદાસ, ઉપદેશ સિદ્ધાંતરત્નમાળા, ગાથા–૧૮
—મોક્ષમાર્ગપ્રકાશકમાં આ ગાથા ઉદ્ધૃત કરી છે, પાનું–૧૬)

❀

વર્ષ-૬
અંક-૨






સંવત
૨૦૬૭
October
A.D. 2011


# દિવાળી : આત્મહિત–આરાધનાની પ્રેરણાનો મંગલ પ્રસંગ

અહો! આજે દિવાળીનો દિવસ! આસો વદ અમાસ....જ્યારે પાવાપુરીમાં વીરપ્રભુ મોક્ષપદ પામ્યા ને એ નિર્વાણ પ્રસંગે પોતાની ઉત્કૃષ્ટ આરાધનામાં જોડાઈને ગૌતમસ્વામી કેવળજ્ઞાન પામ્યા! એક પ્રભુ પંચમગતિ પામ્યા તો બીજા પ્રભુ પંચમજ્ઞાન પામ્યા! બન્નેનો મહાન ઉત્સવ થયો....એ હતો આજનો દિન! અહો! જ્યાં મોક્ષના ને કેવળજ્ઞાનના ઉત્સવ એક સાથે ઉજવાયાં હશે એ પ્રસંગ કેવો આનંદકારી હશે? ને એ જોનાર-ઉજવનાર સૌ જીવોને કેવા મજાના શુદ્ધભાવો ઊછળતા હશે!

વીરપ્રભુના મોક્ષગમન ટાણે ગૌતમસ્વામી કાંઈ પ્રભુવિરહનો વિકલ્પ કરવા ન બેઠા પણ જ્ઞાયકની અનુભૂતિમાં વધુ ઊંડા ઊતરીને આત્મસાધનામાં–મોક્ષસાધનામાં મગ્ન બન્યા ને કેવળજ્ઞાન પામીને સર્વજ્ઞ પરમાત્મા થયા ને તેમના શિષ્ય સુધર્મસ્વામી તે જ દિવસે શ્રુતકેવળી બન્યા.

ત્યાર પછી તીર્થંકરપ્રભુની એ કુળપરંપરા ચાલતી ચાલતી શ્રીગુરુઓ દ્વારા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બેનશ્રી સુધી પહોંચી અને આપણે સૌ એ કુળપરંપરા પામીને કૃતાર્થ બન્યા. કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રતાપે પ્રાપ્ત આ તીર્થંકર ભગવંતોના વીતરાગમાર્ગને ઉપાસીને આપણે સૌ પણ આપણા તીર્થંકર ભગવંતો અને ભાવિ ભગવંતોના સિદ્ધદેશમાં જઈને સદાકાળ તેમની સાથે રહીએ એવી આજના વીર-નિર્વાણ-કલ્યાણકના—આત્મ-આરાધનાની પ્રેરણાના આ મંગલ-મહોત્સવ પ્રસંગે ભાવના ભાવીએ....

—સંપાદક



# મંગલ સુપ્રભાતની બોણી

## સમજાણું કાંઈ !!!

ભગવાનનું જ્ઞાન પોતાને જાણે છે એ નિશ્ચય છે. અહીં પણ ખરેખર તો પોતે પોતાને જ જાણે છે. પરને જાણવું એ તો એક વ્યવહાર કહેવામાં આવે છે. પર-સંબંધીનું જ્ઞાન પોતાનું, પોતાના જ્ઞાનને જાણે એ નિશ્ચય છે, પરને જાણવું કહેવું એ ઉપચારથી વ્યવહાર છે. ભગવાનને પણ એમ છે. નિશ્ચયથી આત્મા સહજ પરમાત્મા પોતાનો ત્રિકાળસ્વભાવ, એને દેખે છે. ભગવાન તો પોતાના આત્માને દેખે છે કે જે પોતે એકસ્વરૂપે પરમાત્મા એમાં આ બીજો લોકાલોકનો ભેળસેળ નથી એમ કહે છે. કેવળજ્ઞાન કેવું હોય એની વ્યાખ્યા છે.

સ્વભાવથી મહાન એવા આત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી. અહીં તો કહે છે ભગવાન આત્મા પોતાનો ને ભગવાન આત્માનો એ પોતાના સ્વભાવની મહિમાથી તે સ્વાત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી, પરને જાણવું એમાં નથી એ કહે છે. આવો આત્મા એ અનુભવે, જાણે એને સમ્યગ્દર્શન થાય. જે આત્મા પોતાના સ્વરૂપમાં જ છે, સહજ સ્વભાવથી મહાન છે, એ પુણ્ય ને પાપ, શરીરાદિથી તો રહિત છે પણ પરના જાણવાથી પણ રહિત છે. પરનું જાણવું એટલે કે 'આ છે' એ તો વ્યવહાર છે. એ સંબંધી પોતાનું જ્ઞાન ને પોતા સંબંધી પોતાનું જ્ઞાન એને ઈ જાણે ઈ નિશ્ચય છે.

સ્વભાવથી મહાન એવા તે આત્મામાં વ્યવહાર-પ્રપંચ નથી, પરને જાણવું ઈ એનામાં છે નહીં. પોતાનો સ્વભાવ સર્વજ્ઞ છે એમાં એને જાણે છે, પરને જાણે છે એ તો વ્યવહાર, એવો પ્રપંચ એમાં નથી. અર્થાત્ નિશ્ચયથી આત્મામાં લોકાલોકને દેખવારૂપ વ્યવહાર-વિસ્તાર નથી.

શું કહ્યું આ ? લોકાલોકને જાણતો નથી ને આત્મા? એમ કીધું ને ? નથી જાણતો એનો અર્થ કે લોકાલોક 'આ છે' એમ જાણતો નથી, એ લોકાલોક ને પોતાનું જે જ્ઞાન પોતામાં, એને જાણતા લોકાલોક જણાય જાય છે એવા ભગવાન આત્મામાં લોકાલોકનો વ્યવહાર-વિસ્તાર નથી. શ્રીમદ્‌માં પણ એમ આવે છે કે 'કેવળ નિજ સ્વભાવનું અખંડ વર્તે

જ્ઞાન'—એ નિશ્ચયથી વાત કરી છે. એથી લોકાલોકને નથી જાણતા એમ નહીં. લોકાલોકને આમ જાણવું ઈ પર છે, એને જાણવું કહેવું એ વ્યવહાર છે પણ લોકાલોક ને પોતે જે સ્વરૂપે છે એનું જ્ઞાન પોતામાં પોતાથી પોતામાં થાય છે એને જાણે એનું નામ નિશ્ચય છે. એથી કેવળી લોકાલોકને જાણતા નથી એમ નથી પણ વ્યવહારે જાણે છે એનો અર્થ! પરને તન્મય થઈને જાણતા નથી ને તેથી તેને વ્યવહાર કહેવામાં આવે છે પણ એ સંબંધીનું પોતાનું જ્ઞાન તન્મય થઈને પોતાને જાણે છે એવા લોકાલોકનું પોતાની પર્યાયમાં પોતાથી પોતામાં પોતાને કારણે આવી જાય છે.

અહીં તો પરને જાણે એમ કહેવું એ પરની અપેક્ષા આવે છે ને! એથી એને વ્યવહાર કહેવાય અને સ્વને જાણતા સ્વની અપેક્ષા આવે એટલે નિશ્ચય કહેવાય. સ્વના જ્ઞાનમાં—સર્વજ્ઞમાં બધું જણાઈ ગયું છે પણ એ સર્વજ્ઞની પર્યાય પોતાની છે એને જાણે છે એ નિશ્ચય છે. આ તો તત્ત્વની વાત ઝીણી છે.

અંતર આત્મા આ જ્ઞાન જ્ઞાનને જાણે. એ જ્ઞાનમાં રાગ-શરીરાદિ શું છે એવું આમાં જ્ઞાન પોતાના સ્વપરપ્રકાશકના સામર્થ્યમાં આવી જાય છે. છતાં એને દેખે ઈ કહેવું વ્યવહાર છે અને પોતાનું સ્વપરપ્રકાશક જાણવાનું સામર્થ્ય એને દેખે ઈ નિશ્ચય છે. જાણવામાં પણ વ્યવહાર ને નિશ્ચય! આચરણમાંય વ્યવહાર ને નિશ્ચય! શ્રદ્ધા-જ્ઞાનમાંય વ્યવહાર-નિશ્ચય! ચારિત્રયમાં વ્યવહાર ને નિશ્ચય! કઈ અપેક્ષાએ વાત છે ઈ સમજાવી જોવે ને!

આત્મા પોતાના સ્વરૂપને, શુદ્ધ અખંડ અભેદને શ્રદ્ધે તે સમ્યગ્દર્શન નિશ્ચય સ્વ-આશ્રિત છે અને પરને શ્રદ્ધે—દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ—એ વ્યવહાર વિકલ્પ છે. એમ આત્મા પોતાને જાણે એ સમ્યગ્જ્ઞાન છે, શાસ્ત્રને જાણે એમ કહેવું એ વ્યવહાર છે. એમ આત્મા પોતાના સ્વરૂપમાં આનંદમાં રમે તે નિશ્ચય-ચારિત્ર છે ને એમાં પંચ મહાવ્રતાદિ વિકલ્પ ઊઠે તે વ્યવહાર-ચારિત્ર ! એટલે નથી તેને કહેવું તેનું નામ વ્યવહાર! એમ લોકાલોકને જાણે એમ કહેવું એ વ્યવહાર છે કેમ કે લોકાલોકનું જ્ઞાન નથી, અહીં તો જ્ઞાન પોતાનું છે.

અરે! આત્માની વાત જ એણે કોઈ દી પ્રેમથી સાંભળી નથી. જગતના થોથા કરી કરીને મરી ગયો! આત્મા કેટલો સામર્થ્યવાળો! સર્વજ્ઞ પરમેશ્વરે, પરમાત્મા તીર્થંકરદેવે કહ્યો એ આત્મા હો!

અહીં તો ભગવાન આત્મા કહે છે એ પોતે જ્ઞાનની દશા, પોતાના સ્વભાવના આશ્રયથી ધ્યાનથી પ્રગટ કરી એ જ્ઞાનમાં એ જ્ઞાન સ્વ-આત્મા પરમાત્માને જ જાણે છે. પરમાત્માનું જ્ઞાન પોતાના પરમાત્માને જાણે છે. પરમાત્માનું જ્ઞાન પરને જાણે એમ કહેવું

એમાં પરની અપેક્ષા એટલે વ્યવહાર છે પણ પરસંબંધીનું જ્ઞાન પોતામાં નથી એમ નહીં. ઈ પરસંબંધીનું પોતાનું જ્ઞાન છે. સર્વજ્ઞપણું એ આત્મજ્ઞ છે. ઈ સર્વજ્ઞપણું પરને લીધે છે એમ નથી. ત્યાંય વ્યવહાર ને નિશ્ચય! નીચેય વ્યવહાર ને નિશ્ચય!

ભગવાન આત્મા પોતાનો જ્ઞાન ને આનંદ સ્વભાવ, એને અંતરમાં અનુભવીને જે સમ્યગ્દર્શન થાય અને એને જાણીને જે જ્ઞાન થાય અને એમાં રમણતા કરીને ચારિત્ર થાય એ નિશ્ચય કહેવાય છે કેમ કે સ્વને આશ્રયે થયું એ સાચું જ્ઞાન-દર્શન ને ચારિત્ર છે અને પરને આશ્રયે જેટલું કહેવાય, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ રાગ કહેવાય, એ વ્યવહાર કહેવાય, એ સાચું ન કહેવાય. નિશ્ચય તે સત્યાર્થ છે, વ્યવહાર તે અસત્યાર્થનો અર્થ પરને જાણે તે અસત્યાર્થ છે. પરને જાણવું એ યથાર્થમાં નથી.

પોતાનો ભગવાન આત્મા પોતાના જ્ઞાન-દર્શન-આનંદને અને આત્માને જાણે એ સ્વને જાણે એ યથાર્થ છે. નીચે નિશ્ચય ને વ્યવહાર તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ ગયા. આવું સ્વરૂપ સર્વજ્ઞ વીતરાગ સિવાય ક્યાંય હોઈ શકે નહીં.

—સૂક્ષ્મતત્ત્વ-રહસ્ય-ઉદ્‌ઘાટક પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

## હું સ્વભાવથી જ જ્ઞાયક છું

હું સ્વભાવથી જ જ્ઞાયક હોવાથી વિશ્વની સાથે મારે કેવળ જ્ઞેય-જ્ઞાયક સંબંધ છે, પરંતુ કર્તા–કર્મ, સ્વ-સ્વામી આદિ સંબંધો જ નથી. કર્મ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. શરીરની રોગ–નિરોગ ગમે તેવી અવસ્થા થાય તે મને ઠીક–અઠીકરૂપ નથી પણ તે જ્ઞેયરૂપ છે અને હું જ્ઞાયક છું. અરે! વિકાર થાય તે પણ જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. ત્રણલોકના નાથ તે વિનય કરવાયોગ્ય છે અને હું વિનય કરનાર છું એમ નથી. ત્રણલોકના નાથ પણ વિશ્વમાં—જ્ઞેયમાં આવે છે ને હું જ્ઞાયક છું. આખું વિશ્વ તે જ્ઞેય છે ને હું જ્ઞાયક છું. એ સિવાય વિશ્વ તે મારું સ્વ અને હું તેનો સ્વામી એવો સ્વ–સ્વામી સંબંધ નથી. હું કર્તા ને તે મારા કર્મ એવો કર્તા–કર્મ સંબંધ પણ વિશ્વની સાથે નથી. મારે વિશ્વની સાથે કેવળ એક જ્ઞેય–જ્ઞાયક સંબંધ જ છે અને તે પણ વ્યવહાર છે. પરમાર્થે તો હું જ જ્ઞાતા-જ્ઞાન ને જ્ઞેય છું તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી.

**—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

# આજે વીરપ્રભુ સિદ્ધાલયમાં બિરાજી ગયા

શ્રી મહાવીર તીર્થાધિનાથ આત્માના પૂર્ણ અલૌકિક આનંદમાં અને કેવળજ્ઞાનમાં પરિણમતા હતા. આજે તેમણે સિદ્ધદશા પ્રાપ્ત કરી. ચૈતન્યશરીરી ભગવાન આજે પૂર્ણ અકંપ થઈને અયોગીપદને પામ્યા, ચૈતન્ય-ગોળો છૂટો પડી ગયો, પોતે પૂર્ણ ચિદ્રૂપ થઈ ચૈતન્યબિંબરૂપે સિદ્ધાલયમાં બિરાજી ગયા; હવે સદાય સમાધિસુખાદિ અનંત ગુણોમાં પરિણમ્યા કરશે. આજે ભરતક્ષેત્રમાંથી ત્રિલોકીનાથ ચાલ્યા ગયા, તીર્થંકર-ભગવાનનો વિયોગ થયો, વીરપ્રભુના આજે વિરહ પડ્યા. ઇન્દ્રોએ ઉપરથી ઊતરીને આજ નિર્વાણમહોત્સવ ઊજવ્યો. દેવોએ ઊજવેલો તે નિર્વાણકલ્યાણક-મહોત્સવ કેવો દિવ્ય હશે! તેને અનુસરીને હજુ પણ લોકો દર વર્ષે દિવાળીદિને દીપમાળા પ્રગટાવીને દીપોત્સવી મહોત્સવ ઊજવે છે.

આજે વીરપ્રભુ મોક્ષ પધાર્યા. ગણધરદેવ શ્રી ગૌતમસ્વામી તરત જ અંતરમાં ઊંડા ઊતરી ગયા અને વીતરાગદશા પ્રાપ્ત કરી કેવળજ્ઞાનને પામ્યા. આત્માના સ્વક્ષેત્રમાં રહીને લોકાલોકને જાણનારું આશ્ચર્યકારક, સ્વપરપ્રકાશક પ્રત્યક્ષજ્ઞાન તેમને પ્રગટ થયું, આત્માના અસંખ્ય પ્રદેશોમાં આનંદાદિ અનંત ગુણોની અનંત પૂર્ણ પર્યાયો પ્રકાશી નીકળી.

અત્યારે આ પંચમ કાળે ભરતક્ષેત્રમાં તીર્થંકર-ભગવાનના વિરહ છે, કેવળજ્ઞાની પણ નથી. મહાવિદેહક્ષેત્રમાં કદી તીર્થંકરનો વિરહ પડતો નથી, સદાય ધર્મકાળ વર્તે છે. આજે પણ ત્યાં ભિન્ન ભિન્ન વિભાગમાં એક એક તીર્થંકર થઈને વીશ તીર્થંકર વિદ્યમાન છે. હાલમાં વિદેહક્ષેત્રના પુષ્કલાવતીવિજયમાં શ્રી સીમંધરનાથ વિચરી રહ્યા છે અને સમવસરણમાં બિરાજી દિવ્યધ્વનિના ધોધ વરસાવી રહ્યા છે. એ રીતે અન્ય વિભાગોમાં અન્ય તીર્થંકરભગવંતો વિચરી રહ્યા છે.

જોકે વીરભગવાન નિર્વાણ પધાર્યા છે તોપણ આ પંચમ કાળમાં આ ભરતક્ષેત્રે વીરભગવાનનું શાસન પ્રવર્તી રહ્યું છે, તેમનો ઉપકાર વર્તી રહ્યો છે. વીરપ્રભુના શાસનમાં અનેક સમર્થ આચાર્ય-ભગવંતો થયા જેમણે વીરભગવાનની વાણીનાં રહસ્યને વિધવિધ પ્રકારે શાસ્ત્રોમાં ભરી દીધાં છે. શ્રી કુંદકુંદાદિ સમર્થ આચાર્યભગવંતોએ દિવ્યધ્વનિનાં ઊંડાં રહસ્યોથી ભરપૂર પરમાગમો રચી મુક્તિનો માર્ગ અદ્ભુત રીતે પ્રકાશ્યો છે.

શાસ્ત્રોનાં સૂક્ષ્મ રહસ્યો ખોલીને પૂજ્ય કહાનગુરુદેવ મુક્તિનો માર્ગ સ્પષ્ટ રીતે સમજાવી ગયા છે. તેઓશ્રીએ પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો. *—પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી*

# અભયદાનનું યથાર્થ સ્વરૂપ

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૫૯)

આ, શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૨૬ ગાથાનો ભાવાર્થ ચાલે છે.

અહીં સારાંશ આમ છે કે પરજીવોનો ઘાત તો થાય કે ન થાય પણ જ્યારે પરજીવોનો ઘાત કરવાનું વિચારે છે ત્યારે જ તે આત્મઘાતી તો થઈ ચૂક્યો...પરનો ઘાત તો તેનું આયુ પૂર્ણ થાય ત્યારે જ થાય છે પણ હું એકેન્દ્રિય, બેઈન્દ્રિય, ત્રણેન્દ્રિયજીવને મારી શકું છું એવો જે ભાવ છે તે આત્મઘાત છે. જેમ ગરમ લોઢાનો ગોળો પકડવાથી પોતાના હાથ તો અવશ્ય બળે જ છે માટે એ નિશ્ચય થાય છે કે જે જીવ પરજીવો માટે ખોટા ભાવ કરે છે તે આત્મઘાતી છે.

આવું કથન શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ કર્યું છે કે જે આત્મા કષાયવાળો છે, નિર્દયી છે તે પહેલાં તો પોતે જ પોતાનો પોતાથી ઘાત કરે છે માટે આત્મઘાતી છે, પછી પરજીવોનો ઘાત તો થાય કે ન થાય.

ભગવાન આત્મા તો જ્ઞાતા-દ્રષ્ટા છે. તેમાંથી નીકળીને બીજાને મારવાના ભાવ થવા એ આત્મઘાત જ છે, તેમાં પોતાની હિંસા થઈ. અરે! પરને હું જીવાડી શકું છું એ ભાવ પણ મિથ્યાત્વ છે, કષાય છે, આત્મઘાત છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યની પર્યાયને કરે એમ ત્રણકાળમાં બને નહિ આ મહાસિદ્ધાંત છે. માટે પરને કોણ બચાવે કે પરને કોણ મારી શકે! પરજીવ તેનું આયુષ્ય હોય તો જીવે અને આયુષ્ય પૂરું થયું હોય તો મરી જાય તેમાં બીજો જીવ કાંઈ ન કરી શકે. છતાં પરને મારવા-જીવાડવાના ભાવ કરે છે એ જ અજ્ઞાન છે.

'હું કરું, હું કરું, એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.' પૈસાની વ્યવસ્થા મેં કરી....પોતાને વેપાર કરતા ન આવડતો હોય બીજાને પૈસા આપે અને પોતે વ્યાજ અને નફામાં ભાગ લે. ખરેખર પોતે કાંઈ કરી શકતો નથી પણ શરીરાદિનું રક્ષણ કરવા માટે આવા બધા ભાવ કરે છે તે મિથ્યાત્વભાવ છે. આત્મઘાત છે. કાંઈ કરી શકતો નથી. મફતનો અભિમાન કરે છે.

કષાયભાવ થાય છે ત્યારે જ જીવને હિંસાના ભાવ થાય છે. માટે કષાયભાવ જ આત્મઘાત છે.

લોકો વખાણ કરે કે મારો દીકરો કરમી પાક્યો છે. કરમી એટલે 'કમાઉ.' માસિકની હજારોની પેદાશ કરે છે, ઘણી ધૂળ ભેગી કરે છે ભાઈ! એમાં કાંઈ સાર નથી. પૈસા ક્યાં એના થવાના હતા.

પરજીવને મારી શકું, જીવાડી શકું, પરને સગવડતા દઈ શકું, લઈ શકું–એવી માન્યતા ભલે કરે પણ તે કાંઈ કરી શકતો નથી. છતાં ભાવ કરે છે એ જ આત્મઘાત છે–રાગ છે.

અરેરે! આવો અવતાર મળ્યો તેમાં તત્ત્વનો કાંઈ વિચાર નહિ, શ્રદ્ધામાં ઠેકાણા નહિ, એ ચોરાશીલાખ યોનિના ભવસિંધુમાં ક્યાં જઈને અવતરશે!!

ભાઈ! તું તો જ્ઞાન-દર્શનસ્વરૂપ આત્મા છો. તારે જ્ઞાન-દર્શન અને આનંદ સિવાય કાંઈ પણ વિકલ્પ ઉઠાવવો તે આત્મઘાત છે. તું પરનું તો કાંઈ કરી શકતો નથી પણ પરનું કાંઈ કરવાના ભાવથી તારો આત્મઘાત તો તું જ કરે છો.

હવે આગળ, જીવહિંસાનું ફળ નરકગતિ છે અને રક્ષા કરવાનું ફળ સ્વર્ગગતિ છે એમ નક્કી કરે છે.

**जीव वहंतहँ णरय-गइ अभय-पदाणे सग्गु।**
**बे पह जवला दरिसिया जहिँ रुच्चइ तर्हिं लग्गु॥१२७॥**

અર્થ :—જીવોને મારવાવાળાની નરકગતિ થાય છે અને અભયદાન દેવાથી સ્વર્ગ થાય છે. આ બંને માર્ગ તારી પાસે છે તેમાંથી જેની તને રુચિ થાય ત્યાં લાગી જા.

જુઓ! પરને નહિ મારવાનો અને રક્ષા કરવાનો ભાવ છે તે શુભભાવ છે. તેના ફળમાં સ્વર્ગ મળે છે, મુક્તિ મળતી નથી અને બીજા પ્રાણીને મારવાના ભાવથી તો નરકગતિ મળે છે. નીચે નરકગતિ છે ત્યાં જીવ અનંતવાર જઈ આવ્યો છે. પાપી પ્રાણીઓની ત્યાં પાર્લામેન્ટ ભરાય છે. મોટા મોટા મીલમાલિકો અને રાજા લોકો પાપ કરીને મરીને ત્યાં જાય છે, એવા જીવોનું એ સંગ્રહાલય છે. આલય એટલે સ્થાન. પાપ કરનારા જીવોનું સ્થાન નરકમાં છે.

અભયદાન આપવાથી સ્વર્ગ થાય છે. બીજાને અભયદાન દેવાના ભાવથી પુણ્ય બંધાય છે અને તેના ફળમાં સ્વર્ગગતિ મળે છે. આમ, તારી પાસે બંને માર્ગ છે. પાપ કરીશ તો નરક અને પુણ્ય કરીશ તો સ્વર્ગ મળશે. જ્યાં તારી રુચિ હોય ત્યાં લાગી જા! એક ભાઈ, બે અબજ ને ચાલીશ કરોડના આસામી છે, તેના બનેવી મુમુક્ષુ છે તેણે એને કીધું કે હવે ક્યાં સુધી કમાયા કરવું છે! તો કહે કે 'અરે! હું તો નોકરી કરનારા માણસોના નિભાવ માટે આ બધું કરું છું'. જુઓ! કરે છે પોતાની મમતા ખાતર અને કહે છે બીજાનાં માટે કરું છું.

ભાવાર્થ :—નિશ્ચયથી મિથ્યાત્વ એટલે હું પરને જીવાડી શકું છું, મારી શકું છું, પરને નિભાવી શકું છું એ પ્રકારની મિથ્યા માન્યતારૂપ ભાવ, તે મહાપાપ છે, તેમાં આત્માનો નિજઘાત થાય છે અને પાંચ ઇન્દ્રિયના વિષયમાં તથા રાગ-દ્વેષાદિ કષાયમાં પણ નિજઘાત થાય છે. પોતાની શાંતિનો ઘાત થાય છે.

હું મારી હોંશિયારીથી કમાઈ શકું છું એ જૂઠી માન્યતા છે. હું દીકરા-દીકરીની વ્યવસ્થા બરાબર કરી શકું છું એ પણ જૂઠી માન્યતા છે. 'હું કરું....હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે' આવી અજ્ઞાની જીવોની દશા છે. બુદ્ધિ જાડી હોય પણ અભિમાનના પાર નહિ. આવા જીવો ઈંડા, માંસ આદિ ખાતા ન હોય એટલે નરકમાં તો ન જાય, સ્વર્ગમાં જવા જેટલાં શુભભાવ કરતાં ન હોય એટલે મમતાથી મરીને પશુમાં જાય છે. મનુષ્ય થાય એવા સરળ પરિણામ પણ કોઈકને જ હોય છે. હું પરના કામ કરી શકું છું એવા અભિમાનમાં આખી જિંદગી ગાળી હોય, વૃદ્ધાવસ્થામાં કોઈ એનું માને નહિ એટલે મગજ પાગલ થઈ જાય. ધર્મ કે ધર્માત્મા તો રુચે નહિ એટલે તેની સામે પણ ન જુએ. પાપના–ધંધાના કામ ખાતર આત્મા માટે નિવૃત્તિ લેતા નથી તેથી મરીને તિર્યંચ અને નરકગતિમાં ચાલ્યા જાય છે. કોઈ વળી કાંઈક મંદકષાયથી બીજા જીવોની દયા પાળતાં હોય તો મરીને સ્વર્ગમાં જાય પણ મુક્તિ તો એની પણ થતી નથી. સ્વર્ગનો ભવ મળે છે.

શ્રોતા :—સ્વર્ગમાં ગયો તે સિદ્ધની નજીક પહોંચી ગયો ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે! સિદ્ધ ભગવાન જ્યાં બિરાજે છે ત્યાં પણ આ જીવ એકેન્દ્રિયપણે અનંતવાર અવતર્યો છે. સિદ્ધ ભગવાનનું જે ક્ષેત્ર છે તે જ ક્ષેત્રમાં રહી આવ્યો તેથી શું! સિદ્ધ ભગવાન અનંત સુખને વેદે છે તે કાંઈ આને મળતું નથી. માટે કહે છે કે શુભાશુભભાવથી ગતિ મળે છે પણ મોક્ષ થતો નથી.

નિશ્ચયનયથી મિથ્યાત્વ, વિષય-કષાય પરિણામરૂપ નિજઘાત અને વ્યવહારથી પરજીવોના ઇન્દ્રિય, બળ, આયુ, શ્વાસોચ્છવાસરૂપ પ્રાણોનો ઘાત એ રૂપ પરપ્રાણઘાત કરનારાઓને નરકગતિ મળે છે. પાંચ ઇન્દ્રિય, મન-વચન અને કાયા એ ત્રણ બળ અને આયુષ્ય તથા શ્વાસોચ્છ્વાસ એ મળી કુલ દસ પ્રાણ છે. તેમાંથી એકેન્દ્રિય એટલે અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ તેને ચાર પ્રાણ જ હોય છે. દૂધી, તુરિયા વગેરેની એક કટકીમાં અસંખ્ય જીવ હોય છે તેનું શાક બનાવે છે પણ તેમાં વિશેષ પાપ નથી. પંચેન્દ્રિયને દશપ્રાણ હોય છે તેનો ઘાત કરે તે મરીને નરકમાં જાય છે. સમજાણું કાંઈ!

શ્વાસોચ્છ્વાસ છે તે પણ શરીરનો એક અવયવ છે અને આયુપ્રાણ એટલે શરીરમાં રહેવાની મુદત. જીવની પોતાની યોગ્યતા જેટલો વખત એ શરીરમાં રહેવાનો હોય તેને આયુપ્રાણ કહેવાય છે. મોટી મોટી મીલોમાં ગરમ ગરમ પાણીના હોજ ભરાતા હોય, તેમાં બિલાડા, કાગડા જેવા કેટલા પ્રાણીઓ પડીને મરતાં હોય તેની હિંસાનો દોષ મીલમાલિકોને લાગે છે. તેથી મીલમાલિકો ભલે બહારમાં સુખી કહેવાતા હોય કેમ કે પાંચ-દશ લાખની પેદાશ કરતાં હોય પણ આયુષ્ય પૂરું થાય એટલે નરકમાં ચાલ્યા જવાના. આહાહા! એણે વિચાર જ ક્યાં કર્યો છે કે આ શું થાય છે! ક્યાં જશું!

નિશ્ચયનયથી સ્વસંવેદન એ પોતાને અભયદાન છે. જોયું! અહીં અભયદાનના બે પ્રકાર પાડ્યા. નિશ્ચયનયથી વીતરાગનિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામરૂપ નિજભાવોનું અભયદાન છે તેમાં પોતાની રક્ષા થાય છે અને વ્યવહારનયથી પરજીવોના પ્રાણોને અભયદાન આપે છે તેમાં પરની રક્ષા થાય છે. આમ, સ્વદયારૂપ અભયદાન અને પરદયારૂપ અભયદાન એમ બે પ્રકાર કહ્યાં છે.

જેમ, ગોડાઉનમાં કેસરના મોટા મોટા ડબ્બા ભર્યા હોય છે તેમ, આત્મા જ્ઞાન અને આનંદનું મોટું ગોડાઉન છે. આવા નિજભાવનું વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન વડે વેદન કરવું તે પોતાના આત્માને પોતાનું અભયદાન છે. અહો! હું તો આનંદકંદ પ્રભુ છું. અભયદાન તો બીજાને આપવાનું હોય ને! સાંભળ ભાઈ! નિશ્ચય એટલે સત્યદૃષ્ટિથી જોઈએ તો આત્મા અત્યારે જ અંદરમાં વીતરાગસ્વરૂપે છે તેને વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન પરિણામ થવા તે ખરું અભયદાન છે. પરને તો અભયદાન કોણ આપી શકે! શુભરાગ આવે તે જુદી વાત છે.

આત્મા જ્ઞાન આનંદ આદિ સ્વભાવે ટકતું તત્ત્વ છે. તે ટકતાં તત્ત્વનું વીતરાગી સ્વસંવેદન વડે પોતાનું વેદન કરવું તે પોતાને અભયદાન છે. ભાઈ! તું અનંત જ્ઞાન, આનંદ અને એવી તો અનંત શક્તિઓનો કંદ છો તને ખબર નથી. જેમ, ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ છે, આનંદસ્વરૂપ છે, પ્રભુત્વસ્વરૂપ છે, સુખસ્વરૂપ છે, વીતરાગસ્વરૂપ છે, સ્વચ્છત્વસ્વરૂપ છે, તેમ અકાર્યકારણશક્તિ એ પણ આત્માનું સ્વરૂપ છે, સત્વ છે, શક્તિ છે. તેથી જ્યારે જીવ પોતાને અભયદાન આપે છે ત્યારે બધાં ગુણો નિર્મળપણે પરિણમે છે. તેમાં અકાર્યકારણગુણ પણ અકાર્યકારણપણે પરિણમે છે. તેથી વ્યવહારરત્નત્રયનો રાગ હતો માટે નિર્મળ પરિણમન થયું એમ નથી તેમ જ વ્યવહારરત્નત્રયના રાગને આત્મા કરે એવું પણ આત્માનું કાર્ય નથી.

લોકોને એમ લાગે કે આ તો સહેલો મારગ હતો તેને મોંઘો કરી નાખ્યો! બાપુ! એ સહેલો ન હતો, સડી ગયેલો માર્ગ હતો. ખરો માર્ગ તો આ છે—'વીતરાગ પરિણતિ' તે રાગનું કાર્ય નથી અને રાગનું કારણ પણ નથી.

જ્ઞાનીને દયાનો રાગ થાય છે પણ તે રાગ ધર્મની નિર્મળ પરિણતિનું કારણ નથી. તેમજ નિર્મળ પરિણતિ છે માટે રાગ થયો એમ પણ નથી. જેને નિશ્ચય ધર્મ પ્રગટ થયો છે તેના શુભરાગને વ્યવહારધર્મ કહેવાય પણ તે આરોપિત કથન છે. ખરેખર રાગ એ ધર્મ નથી.

વીતરાગ ત્રિલોકનાથના વારસદાર સંતોની આ વાતો કાંઈ વાર્તા કે કથા નથી. આના એક એક શબ્દમાં ગંભીરતા ભરી છે, આત્માના આનંદના ઝૂલે ઝૂલનારા વનવાસી દિગંબર સંતોના લખેલા આ શાસ્ત્રો છે. જુઓ શું કહે છે! વીતરાગ નિર્વિકલ્પ સ્વભાવ તો ત્રિકાળ છે, તેના નિર્વિકલ્પ વીતરાગ સ્વસંવેદન પરિણામ થવા તે અભયદાન છે. વીતરાગી પરિણામ કેવી રીતે થયા! કે પોતે વીતરાગસ્વરૂપ છે–પરમાત્મસ્વરૂપ છે–આત્મા પરમાત્મસ્વરૂપ છે તેને તેવા જ સ્વરૂપે જીવતો સ્વીકાર્યો તેથી વીતરાગી પરિણામ થયા છે. દેહદેવળમાં બિરાજમાન એ પોતે પ્રભુ છે–પ્રભુત્વશક્તિથી ભરેલો ભગવાન છે. માટે જો તારે સંસારથી મુક્ત થવું હોય તો આવા નિજસ્વરૂપની ઓળખાણ કરવી પડશે, અનુભવ કરવો પડશે. વીતરાગ નિર્વિકલ્પ એટલે અભેદ સ્વસંવેદન પરિણામ એ જ નિજભાવ છે. દયા-દાન-રાગાદિભાવ એ પોતાનો ભાવ નથી, એ તો વિકારભાવ છે.

'સમજાય છે કાંઈ!' એમ કહેવામાં આવે છે એટલે કે થોડું ઘણું સમજાય છે? સમજી જાય એ તો ન્યાલ થઈ જાય....આહાહા!

જુઓ! આ, જીવની સ્વદયા અને પરદયાની વ્યાખ્યા થાય છે. આ આત્મા અનંત નિજગુણોનું સંગ્રહાલય-સ્થાન છે. આવી નિજભૂમિને વીતરાગ પરિણતિ દ્વારા જાણી, આ હું પૂર્ણ છું એવી પ્રતીતિ થઈ તેનું નામ અભયદાન આપ્યું કહેવાય. વીતરાગ આનંદકંદ પ્રભુ જેવડો છે એવડો પોતાની વીતરાગ પરિણતિ દ્વારા કબૂલ કર્યો તેનું નામ અભયદાન છે. આત્માએ આત્માને અભયદાન આપ્યું. વસ્તુસ્વરૂપ છે તેવી પ્રતીતિ અને પરિણતિ કરવી તે જ એક કરવા જેવું કાર્ય છે. બાકી બધી વાતો છે–થોથાં છે.

વીતરાગ ત્રિલોકનાથ એમ કહે છે કે પ્રભુ! તું જેવડો છો તેવડો અને તેવો માન ત્યારે તેં તને અભયદાન આપ્યું અને જેવડો છો તેનાથી ઓછો કે અધિક માન તો તે તારા આત્માનો ઘાત કર્યા બરાબર છે. બીજા જીવને જીવતો રાખવાનો ભાવ થાય છે તેમ તને જીવતો રાખને! બીજી ગાથામાં કહ્યું છે કે જે પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થાય છે તે જીવતો જીવ છે.—તે આ વીતરાગ પરિણતિ! આ ગાથા ઉપરથી જીવત્વશક્તિ નીકળી છે.

ભગવાન આત્મા અનંત-જ્ઞાન, દર્શન, આનંદ, વીર્યરૂપથી નિજપ્રાણ જીવતું ત્રિકાળી તત્ત્વ છે. તે ટકતાનું વેદન કરવું તે આત્માને અભયદાન છે—તે આત્માની દયા છે. વીતરાગ સર્વજ્ઞ ભગવાન થયા તે ક્યાંથી થયા! એ પર્યાય કાંઈ બહારથી નથી આવતી. લીંડીપીપરમાં ૬૪ પહોરી તીખાશ ક્યાંથી આવે છે? બહારથી આવે છે! ના. અંદરમાં પૂરેપૂરો લીલો રંગ અને પૂરી તીખાશ ભરી પડી છે તે ઘૂંટવાથી બહાર આવે છે. ન હોય તો ક્યાંથી આવે? તેમ ભગવાન આત્મા અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય આદિ ગુણોથી પૂરો ભરેલો છે. તેને વીતરાગી પરિણતિ દ્વારા પૂરો જાણવો, પૂરો માનવો, પૂરો વેદવો તેનું નામ આત્માને અભયદાન આપ્યું કહેવાય. તેનાથી ઓછો, અધિક કે વિપરીત માનવો તે આત્માનો ઘાત છે. તું તારો ઘાત શું કામ કરે છે! તું તો તારી રક્ષા કરી શકે છે, જેવડો છે એવડો અનુભવીને માની શકે છે.

વ્યવહારનયથી પરપ્રાણીઓની રક્ષા તે અભયદાન અને નિશ્ચયથી પોતાની રક્ષા તે અભયદાન; આવું અભયદાનનું સ્વરૂપ છે. તેમાં નિજદયાથી તો મોક્ષ થાય અને પરદયાથી સ્વર્ગ મળે અને પંચેન્દ્રિયની હિંસાથી નરક મળે. આમાં સંદેહ નથી. આમાંથી

તને જે સારું લાગે તે કર!—એમ શ્રીગુરુ આજ્ઞા કરે છે તે સાંભળીને કોઈ અજ્ઞાની જીવ તર્ક કરે છે કે આ 'પ્રાણ' જીવથી જુદા છે કે નહિ? જો, જીવથી જુદા નથી તો જેમ જીવનો નાશ થતો નથી તેમ પ્રાણોનો પણ નાશ નહિ થાય. પ્રાણ એટલે પાંચ ઈન્દ્રિયપ્રાણ, મન-વચન-કાયાના ત્રણ પ્રાણ, આયુપ્રાણ અને શ્વાસોચ્છ્વાસપ્રાણ. આ દસ પ્રાણ જો જીવથી અભિન્ન હોય તો તો નાશ જ ન થવા જોઈએ અને જીવથી જુદા હોય તો આ પ્રાણોનો નાશ થવાથી જીવનો નાશ નહિ થાય. માટે, જીવહિંસા થતી જ નથી તો તમે જીવહિંસામાં પાપ કેમ માનો છો?

આ જે પાંચ ઈન્દ્રિય, મન-વચન-કાયા, આયુ આદિ કર્મથી ઉત્પન્ન થયેલા પ્રાણ છે એ તો જડ છે પણ જીવની યોગ્યતારૂપ જે પ્રાણ છે તે જીવની પર્યાયમાંથી હોવાથી જીવ છે અને જ્ઞાન-આનંદ આદિ પ્રાણ છે તે જીવના ગુણમાં છે તે ત્રિકાળી પ્રાણ તો શુદ્ધ છે.

શિષ્યના પ્રશ્નનું સમાધાન આમ છે કે આ પ્રાણ કોઈ નયથી, જીવથી ભિન્ન છે અને કોઈ નયથી અભિન્ન છે. આ બંને નય પ્રમાણિક છે. વ્યવહારનયથી પ્રાણ જીવથી અભિન્ન છે અને નિશ્ચયથી પ્રાણ જીવથી ભિન્ન છે. હવે અભેદ કહે છે તે સાંભળો! પોતાના પ્રાણોનો નાશ થતાં જે દુઃખ થાય છે તેમાં જ જીવની હિંસા છે. તેનાથી જીવને પાપનો બંધ થાય છે અને જો આ પ્રાણોને સર્વથા જુદા માનો તો જેમ પરના શરીરનો ઘાત થતાં દુઃખ થતું નથી તેમ પોતાના ઘાતમાં પણ દુઃખ ન થવું જોઈએ. વિશેષ કહેવાશે. (ક્રમશઃ)

---

✻ જ્ઞાતાપણું જ આત્માનું સ્વરૂપ હોવાથી, તેમાં રાગનું કર્તૃત્વ આવતું નથી, કેમ કે તેને પોતાના અનંત ગુણોમાં 'રાગને કરવું' એવો કોઈ ગુણ નથી. રાગના એક કણનું પણ કર્તૃત્વ જે માને છે તે આખા લોકનો કર્તા થાય છે. વ્રતાદિ શુભભાવનો પણ જે કર્તા થાય છે તે આખા વિશ્વનો કર્તા થાય છે, કેમ કે જેમ જાણનાર એકને જાણે તે બધાને જાણે એવો તેનો સ્વભાવ છે, તેમ અકર્તાસ્વભાવથી—જ્ઞાતાસ્વભાવથી—ભ્રષ્ટ જીવ પોતાને એક અણુમાત્ર રાગનો પણ કર્તા માને—રાગ મારું કાર્ય છે એમ માને તો તેમાં આખા લોકનું કર્તૃત્વ આવી જાય છે. —પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

**વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો**

# આત્મવૈભવ

## પ્રભુત્વશક્તિ

(ગતાંકથી ચાલુ)

( अखंडितप्रतापस्वातंत्र्यशालित्वलक्षणा प्रभुत्वशक्तिः।)

અનંતગુણનો પૂરો વૈભવ આત્મામાં ભર્યો છે, તેથી આત્મા જ 'પરમેશ્વર' છે. જ્ઞાનાદિ પરમ–ઐશ્વર્ય પરમવિભૂતિનો સ્વામી તે પરમેશ્વર છે. સમયસાર ગાથા ૩૮મા શિષ્ય કહે છે કે હું મારા પરમેશ્વર આત્માને ભૂલી ગયો હતો, હવે વિરક્ત ગુરુએ તે મને કૃપા કરીને સમજાવ્યો, તેનો અનુભવ કરીને હું સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો...જુઓ, ભાન થયું ત્યાં ખબર પડી કે મારો પરમેશ્વર હું છું. मेरो प्रभु नहीं दूर दिसंतर, मोहिमें है मोहे भासत नीके–પં. બનારસીદાસજી કહે છે કે લોકો પ્રભુને બહારમાં ઢૂંઢે છે પણ મારો પ્રભુ કોઈ દૂર-દેશાંતરમાં નથી, એ તો મારામાં જ છે ને સ્વાનુભવથી મને સ્પષ્ટ દેખાય છે.

અરિહંતોને જે પ્રભુતા પ્રગટી તે ક્યાંથી પ્રગટી? આત્મામાં હતી તે જ પ્રગટી, કાંઈ બહારથી નથી આવી. સ્વભાવથી આ આત્મા પણ અરિહંત જેવો જ છે, અરિહંતના આત્મામાં ને આ આત્મામાં પરમાર્થે કાંઈ ફેર નથી. અરિહંતદેવ આવા આત્માને જોઈને અને વેદીને કહે છે કે હે જીવો! તમારા આત્મામાંય આવી જ પ્રભુતા ભરી છે...તેની સન્મુખ જુઓ...તો તમને પણ આવી પ્રભુતા પ્રગટશે ને આત્મા સ્વાધીન સ્વતંત્રતાના અખંડ પ્રતાપથી શોભી ઊઠશે. એ સિવાય નરેન્દ્રપદમાં કે ઈન્દ્રપદમાં આત્માની ખરી શોભા નથી. આત્મા તો પોતાના અનંતગુણનો સ્વામી 'ગુણેન્દ્ર' છે. આત્માની પ્રભુતાનો પ્રતાપ તેના અનંતગુણોની નિર્મળતામાં ફરી વળ્યો છે, એના પ્રતાપને કોઈ તોડી ન શકે. જેણે પોતાની આવી પ્રભુતાને દૃષ્ટિમાં લીધી તેને જગતમાં કાંઈ વિઘ્ન છે જ નહિ.

જેમ ચંદનમાં સુગંધ છે, ગોળમાં મીઠાશ છે, પુણ્ય-પાપમાં આકુળતા છે, તેમ આત્મામાં જ્ઞાન, સુખ ને પ્રભુતા છે. આવા આત્માને જાણીને અનુભવમાં પ્રસિદ્ધ કરવો તેનું નામ મોક્ષમાર્ગ અને ધર્મ છે. બહારના સંયોગથી કે આબરૂથી કાંઈ આત્માની

પ્રસિદ્ધિ નથી, રાગમાંય આત્માની પ્રસિદ્ધિ નથી, આત્માની પ્રસિદ્ધિ તો પોતાના અનંત ગુણપર્યાયમાં છે, સ્વાનુભવની નિર્મળદશામાં ભગવાન આત્મા પ્રસિદ્ધ થયો છે. આત્માની આવી પ્રસિદ્ધિ કરે એને પરની પ્રસિદ્ધિનો મોહ ઊડી જાય. બહારના સંયોગથી તું તને મોટો માને છે પણ ભાઈ! તારી મોટપ એટલે કે તારી પ્રભુતા કાંઈ એવી પરાધીન નથી કે બીજા પાસેથી તે લેવી પડે.

ધર્મી જીવ પોતાની પ્રભુતા પોતામાં દેખે છે. ઉદયભાવને આત્માથી ભિન્ન જાણીને તેનાથી તો અળગા થયા છે ને જ્ઞાનસ્વભાવમાં વળગ્યા છે. કર્મનો ઉદય કે પ્રતિકૂળ સંયોગ મારી પ્રભુતાને હણી શકે નહિ. જ્ઞાનની ને ઉદયની સંધિ ભેદજ્ઞાનવડે તોડી નાંખી છે એટલે હવે ઉદયમાં એકાકાર થતા નથી. ઉદયથી ભિન્ન જ્ઞાનસ્વભાવી આત્માની કિંમત જાણી છે, એનો ઉપશમરસ ચાખ્યો છે એટલે હવે રાગની, પુણ્યની કે સંયોગની કિંમત ઊડી ગઈ છે, તેનો રસ ઊડી ગયો છે.

અરે, અજ્ઞાનીને આત્માની મહત્તા દેખાતી નથી, એના સ્વાદની એને ખબર નથી. ‘અરે! મારામાં મારું અમૃત ભર્યું છે, મારો આનંદરસ મારામાં ભર્યો છે, સૌથી ઉત્તમ ચૈતન્યરત્ન હું છું, જિનવાણીએ જેના અપાર ગાણાં ગાયા છે તે ‘ચૈતન્યતત્ત્વ હું જ છું’ એમ જ્યાં ભાન થયું ને શ્રદ્ધા-જ્ઞાનામાં પોતાની કિંમત થઈ ત્યાં તેના અનુભવરસનો એવો અપૂર્વ સ્વાદ આવ્યો કે હવે શુભરાગ કે તેના ફળ બેસ્વાદ લાગે છે, આ રાગનો સ્વાદ એ મારો નહિ, મારો ચૈતન્યસ્વાદ તો પરમ શાંત...શાંત..આકુળતા વગરનો છે પણ એકવાર સ્વાદ ચાખે એને એની ખબર પડે.—‘માંહી પડ્યા તે માણે મોજ,’– એને દેખનાર પણ આનંદ પામે.

અરે, અંદરમાં આવું પોતાનું નિધાન, એને તો અજ્ઞાની જોતો નથી ને આ જડ શરીર હાલે–ચાલે, બોલે, ખાય–પીએ ત્યાં મૂરખો એમ માને છે કે હું—આત્મા જ આ બધું કરું છું. તીર્થંકર ભગવાન કહે છે કે હે પ્રભુ! તારા અંતરમાં પ્રભુતાનો સ્વાધીન પ્રતાપ છે–જેને કોઈ સંયોગની અપેક્ષા નથી; એ પ્રભુતાને લક્ષમાં લઈ, તેનું ધ્યાન ધરી તેનો સ્વામી થા, તો જડનું–સંયોગનું સ્વામીપણું તને સહજમાત્રમાં છૂટી જશે. અરે, તું ચૈતન્યપ્રભુ થઈને અચેતનનો–જડનો સ્વામી થવા જાય એ તો કલંક કહેવાય, બાપુ! એ તને ન શોભે!

આચાર્યદેવને અપાર કરુણા છે, ઘડીમાં મૂરખ કહે ને ઘડીકમાં પ્રભુ કહે; ત્યાં

સ્વભાવની પ્રભુતા બતાવીને પર્યાયની મૂર્ખતા છોડાવવા માંગે છે. રે જીવ! તું તો પ્રભુ છો ને! આ પરના ભાવને તારામાં માને છે એ તે કેવી મૂર્ખતા! છોડ એ મૂર્ખાઈ ને સંભાળ તારી પ્રભુતાને! તીર્થંકરદેવે આત્મા એવો નથી કહ્યો કે પરનું કંઈ કાર્ય કરે. ભગવાને તો ત્રણેકાળે આત્મા ઉપયોગસ્વરૂપ જોયો છે; ઉપયોગ વગેરે નિજગુણો વડે તેની પ્રભુતા છે ને તે ઉપયોગવડે જ જીવ જીવી રહ્યો છે. ધર્મીનું જીવન અખંડ ઉપયોગમય છે, તે ઉપયોગના અખંડ પ્રતાપને કોઈ તોડી શકતું નથી, તેમાં બીજાનો પ્રવેશ નથી.

જુઓને, સીતા-ચંદના-અંજના જેવી ધર્માત્મા સ્ત્રીઓ પણ આત્મજ્ઞાન પામ્યા ને પોતાની આવી પ્રભુતાને જાણીને દુનિયાની પ્રતિકૂળતાના દુ:ખ વચ્ચેય અડગ આનંદને અનુભવતા સ્થંભની જેમ ધર્મમાં સ્થિર રહ્યા. શરીર ભલે સ્ત્રીનું હતું પણ અંદર ભાન હતું કે અમે આ શરીર નથી, અમે તો ચૈતન્યરૂપ આત્મા છીએ. સંયોગનું અમને દુ:ખ નથી, પ્રતિકૂળતાથી અમે ડરતા નથી; બહારમાં ધણીએ અમને છોડ્યા તો ભલે છોડ્યા, અંતરમાં અમારી પ્રભુતાને અમે જાણી છે, તે પ્રભુતાથી અમને કોઈ છોડાવી શકે તેમ નથી. સ્ત્રીદેહમાં અમે નથી, અમે તો અમારી પ્રભુતાના પુરુષાર્થમાં ને આનંદના વેદનમાં વર્તીએ છીએ. ચૈતન્ય મહાપ્રતાપી ભગવાન આત્મા, તેનો પ્રતાપ સંયોગવડે તૂટે નહિ, સ્વતંત્ર પ્રભુતાથી આત્મા શોભે છે.

પ્રતાપવંતા આત્માની દૃષ્ટિ થતાં જે જ્ઞાનદશા–આનંદદશા–અનંતગુણની નિર્મળ દશા પ્રગટી તેને કોઈ હણી શકે નહિ. આત્માની નિર્મળદશા કોઈ બીજા વડે પમાય નહિ ને બીજા વડે હણાય નહિ. પ્રત્યક્ષ–સ્વસંવેદનરૂપ જ્ઞાનની પ્રકાશ કળાવડે આત્મા પ્રસિદ્ધ અનુભવાય છે.

અજ્ઞાની સંયોગની પ્રતિકૂળતાનો ને કર્મના ઉદયનો પોકાર કરીને આત્માની પ્રભુતાને ભૂલી જાય છે. એને બહારની વસ્તુની મહત્તા ભાસે છે પણ પોતાની પ્રભુતાને તે પારખતો નથી. એકવાર એક રાજાના દરબારમાં કોઈ પરદેશી એક હીરો લઈને આવ્યો ને કહ્યું કે મહારાજ! આપના ઝવેરીઓ પાસા આનાં મૂલ્ય કરાવો. ગામના ઝવેરીઓ એકઠા થયા પણ કોઈ મૂલ્ય કરી શક્યું નહિ. છેવટે એક વૃદ્ધ ઝવેરી આવ્યા ને હીરો તપાસીને તેનું સાચું મૂલ્ય કરી દીધું. રાજાએ ખુશી થઈને દીવાનને હુકમ કર્યો કે આ ઝવેરીને ઈનામ આપો. દીવાનજી ધર્મના જાણકાર હતા; તેમણે જોયું કે વૃદ્ધ ઝવેરીનું હિત કરવાની આ તક છે. તેમણે ઝવેરીને ઈનામ આપવાને બદલે ઠપકો

આપીને કહ્યું દાદાજી! તમે હીરા પારખવામાં આખી જિંદગી વીતાવી, જિંદગીનો છેડો આવ્યો પણ અંદરના ચૈતન્યહીરાને ઓળખવાનું હજી તમને સૂઝતું નથી! ત્યારે ઝવેરીનો આત્મા પણ જાગી ઊઠ્યો ને દીવાનજીનો ઉપકાર માન્યો. બીજે દિવસે રાજદરબારમાં કહ્યું કે રાજાજી! ઈનામને લાયક હું નથી, ખરા ઈનામને લાયક આ દીવાનજી છે કે જેણે મને ચૈતન્યહીરો પારખવાની પ્રેરણા આપી. હીરાની પરીક્ષા મેં કરી પણ મારી પરીક્ષા આ દીવાનજીએ કરી ને મારું હિત કર્યું, તેમ અહીં સર્વજ્ઞ રાજાના દીવાન એવા જ્ઞાની-સંતો કહે છે કે અરે જીવ! બહારના પદાર્થોને જાણવામાં તેં અનંતકાળ ગાળ્યો પણ તારા ચૈતન્યહીરાના અપાર મૂલ્ય છે તેને તું જાણ. ચૈતન્યહીરાનો પ્રતાપ કોઈ અચિંત્ય છે. જ્ઞાની જાણે છે કે સર્વથી જુદા નિજસ્વરૂપને અનુભવતો હું પ્રતાપવંત છું. પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મને મારાપણે ભાસતું નથી; મારા નિજરસવડે મોહને મૂળમાંથી ઉખેડીને મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે. મારા પરમેશ્વરને હું ભૂલી ગયો હતો પણ વારંવાર જ્ઞાનીના ઉપદેશના શ્રવણથી, સંતોએ જેવો આત્મા કહ્યો તેવો સમજ્યો, ત્યાં ભાન થયું ને મારા પરમેશ્વરમે મેં મારામાં જ દેખ્યો. જુઓ, સ્વસંવેદનની આવી નિઃશંકદશા થાય ત્યારે જીવ ધર્મી થયો કહેવાય. પરમેશ્વર જ્યાં છે ત્યાં શોધે નહિ ને બહાર ભટકે તો ક્યાંથી મળે! મારો આત્મા અનંતગુણનો સ્વામી છે, હું જ મારો પરમેશ્વર છું ને દેહાદિની ક્રિયાઓ મારાથી બહાર છે–આવા આત્મામાં જગતની કોઈ ચીજનું માહાતમ્ય ધર્મીને રહેતું નથી.

જ્ઞાનમાં જ્ઞાનની સ્વતંત્ર પ્રભુતા છે.

દર્શનમાં દર્શનની સ્વતંત્ર પ્રભુતા છે.

શ્રદ્ધામાં શ્રદ્ધાની સ્વતંત્ર પ્રભુતા છે.

આનંદમાં આનંદની સ્વતંત્ર પ્રભુતા છે.

વીર્યમાં વીર્યની સ્વતંત્ર પ્રભુતા છે.

જીવત્વમાં જીત્વની સ્વતંત્ર પ્રભુતા છે.

ને આત્મામાં અનંતગુણની સ્વતંત્ર પ્રભુતા છે.

અનંતગુણના અખંડ પ્રતાપથી સ્વાધીનપણે શોભતો આત્મા, તેને સ્વાનુભવ વડે પ્રસિદ્ધ કરવાની આ વાત છે.

કોઈ કહે કે 'મને મારો આત્મા નથી દેખાતો.' પણ ભાઈ, એમ કહેવામાં પણ તેં તારું અસ્તિત્વ તો પ્રસિદ્ધ કર્યું. પોતે પોતાને પ્રસિદ્ધ અનુભવતો હોવા છતાં પ્રતીત કરતો નથી, રાગમાં લીન થઈને ભિન્ન જ્ઞાનના અસ્તિત્વને ભૂલી જાય છે એટલે અજ્ઞાનમાં પોતે પોતાને ઢાંકી રહ્યો છે. ભાઈ, એકવાર તારો અજ્ઞાનપછેડો કાઢી નાંખ ને ભિન્ન આત્માને જ્ઞાનસ્વરૂપે દેખ તો તારું જ્ઞાન તારા આત્માને આનંદસહિત પ્રસિદ્ધ કરશે. 'આ રાગ છે' એમ રાગની જ પ્રસિદ્ધિ તને દેખાય છે પણ રાગને જાણનારો આ હું જ્ઞાન છું એમ રાગથી ભિન્ન તારા જ્ઞાનને પ્રસિદ્ધ કર. રાગને જાણનારું જ્ઞાન પોતાને રાગપણે પ્રસિદ્ધ નથી કરતું પણ પોતે પોતાને જ્ઞાનપણે જ પ્રસિદ્ધ કરે છે કે હું જ્ઞાન છું. આ રીતે પ્રસિદ્ધ આત્માને પ્રભુતા સહિત અનુભવતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થાય છે, તે મોક્ષમાર્ગ છે, એના સિવાય મોક્ષમાર્ગ થતો નથી.

આત્માની પ્રભુતા પરને તો આધીન નથી ને પોતાની એક પર્યાયની પ્રભુતા બીજી પર્યાયને આધીન નથી. ભૂતકાળની પર્યાય અત્યારે નથી, અત્યારની પર્યાય ભવિષ્યમાં નહિ રહે,–એમ દરેક પર્યાયનું ભિન્ન-ભિન્ન સામર્થ્ય છે, પોતપોતાના સ્વકાળમાં દરેક પર્યાયની પ્રભુતા છે; પર્યાયે–પર્યાયમાં સ્વતંત્ર પ્રભુતા શોભી રહી છે. એક પર્યાય બીજી પર્યાયને આધીન નથી ત્યાં પરની તો શી વાત? અનંત ગુણપર્યાયની પરમેશ્વરતાથી ભરેલો ભગવાન આત્મા પોતાના અખંડ પ્રતાપથી સ્વતંત્રપણે શોભે છે. પ્રભુ! તારી પ્રભુતામાં પામરતા નથી. વિકાર તે વ્યવહારમાં જાય છે, તે તારી પ્રભુતામાં નથી આવતો. પરમાર્થે પ્રભુતાનો સદ્ભાવ...તેમાં રાગાદિ વ્યવહારનો અભાવ.—આવા પરમાર્થસ્વરૂપ આત્માને પ્રતીતમાં લેવો તે સમ્યગ્દર્શન છે; સમ્યગ્દર્શન થતાં પર્યાયમાં પ્રભુતા ખીલવા માંડે છે ને રાગાદિ વ્યવહારનો અભાવ થવા માંડે છે. આ રીતે નિર્મળતાનો સદ્ભાવ ને રાગાદિનો અભાવ–એવા પરિણમન વડે આત્મા અલ્પકાળમાં સાક્ષાત્ પરમેશ્વર થાય છે. આવા સમ્યક્ પરિણમન વડે આત્મા અલ્પકાળમાં સાક્ષાત્ સર્વજ્ઞ પરમેશ્વર થાય છે. આવા સમ્યક્ પરિણમનવાળો આત્મા તેને જ સાચો પરમાર્થ આત્મા કહ્યો છે.

સંપૂર્ણ જ્ઞાનનો ધરનાર આત્મા છે, તેને જે જાણે તે જ્ઞાનનો પહેલો નંબર છે, તે જ જ્ઞાન પાસ છે–સાચું છે. મેટ્રિકની પરીક્ષામાં પાસ થાય ને પહેલો નંબર મળે ત્યાં અભિનંદન મળતાં ફૂલાઈ જાય ને નાપાસ થાય કે ઓછા માર્ક આવે ત્યાં ઢીલો થઈ જાય; પણ અરે ભાઈ! આ ચૈતન્યરત્નને જાણવામાં પહેલો નંબર લે ને! આત્માને

જાણવાની પરીક્ષામાં નાપાસ થઈને અનંતકાળથી રખડી રહ્યો છે તો તેમાં પાસ થવાનો પ્રયત્ન કર ને! એકવાર મરીને પણ આત્માને જાણ એટલે કે જીવન આખું એમાં અર્પી દે; દેહનું થવું હોય તે થાય–એમ તેની દરકાર છોડીને, આત્માને જાણવાનો ઉદ્યમી થા તો તારો આત્મા તને જરૂર જણાશે. અરે અજ્ઞાનથી તેં નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધીના કેટલા ભવ કર્યા? હવે તો એનાથી ભયભીત થા! શું હજી તને આ પરિભ્રમણનો થાક નથી લાગ્યો? બહારમાં સાધુ થઈને પણ આત્માના જ્ઞાન વગર રાગથી ધર્મ માનીને તું ભગવાનની પરીક્ષામાં નાપાસ થયો,–એની કાંઈ શરમ ખરી!

તેજણ ઘોડીને ચાબખા ન હોય, એને તો ઈશારા જ હોય; તેમ આત્માને સાધવાનું તેજ જેને ચડ્યું, જે તેજીલો થયો, તેને સંતોના એક જ ઈશારાથી બસ છે; એને વારંવાર કહેવું ન પડે. સંતોએ જે માર્ગ બતાવ્યો તે માર્ગે અંદરમાં ઉતરીને તે જીવ પરમાત્મા થઈ જશે; એ વચ્ચે ક્યાં અટકશે નહિ. સાધક થઈને સીધો સિદ્ધાલયમાં ચાલ્યો જશે.

અરે! 'હું મને ન જણાઉં' એમ કહેતાં તને લાજ નથી આવતી! પરને જાણવામાં ચતુરાઈ કરે છે ને સ્વને જાણવામાં મૂરખ થાય છે,–શું તને શરમ નથી આવતી! અરે પ્રભુ! આ તે તેને શોભે છે? તારું જ્ઞાન અને એ તને જ ન જાણે એ શોભતું નથી. જો પોતે પોતાને ન જાણે તો તારા જ્ઞાનની પ્રભુતા લજવાય છે.

ભાઈ, તારા જ્ઞાનની પ્રભુતામાં રાગના કાર્યનો અભાવ છે અને 'ન જાણવું' એવું અજ્ઞાન પણ તેમાં નથી. જ્ઞાનશક્તિમાં 'ન જાણવાપણું' કેમ હોય? દોષને અને અજ્ઞાનને ગુણના કાર્યમાંથી કાઢી નાખ્યા છે; જેણે ગુણ ઉપર દૃષ્ટિ કરી તેને દોષ કે અજ્ઞાન રહે નહિ. સ્વગુણના સ્વતંત્ર વૈભવથી શોભતો આત્મા, તેના નિર્મળ કાર્યને કોઈ રોકી શકે નહિ. આત્મા પોતાના સ્વાધીન આનંદરસના અનુભવમાં ચડ્યો ત્યાં પર્યાયને કોઈ કાળ, કોઈ ક્ષેત્ર, કોઈ સંયોગ, કોઈ ઉદય કે જગતની કોઈ પ્રતિકૂળતા રોકી શકે નહિ. નિજગુણમાં જેમ પરની મદદ નથી તેમ પરનું વિઘ્ન પણ નથી. જો તેમાં બીજો કોઈ મદદ કરે તોપણ પરાધીનતા થઈ જાય. ભાઈ! તારા ગુણનો ધણી તું છો, અનંતશક્તિની શાશ્વત સંપદાથી તું પ્રતાપવંત છો.–એકવાર સ્વમાં નજર કરીને જો એટલી જ વાર છે. સ્વ વૈભવમાં નજર કરતાં જ તું એવો ન્યાલ થઈ જઈશ કે એના સિવાય બીજે ક્યાંય તારી પરિણતિને ચેન નહીં પડે. *(ક્રમશઃ)*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

❁ શ્રોતા :—શું પોતાને ભરોસો એમ આવે કે આ મારી ચીજના આધારે મને કાયમ શાંતિ–સંતોષ–નિરાંત અનુભવાશે! ત્યાંથી કોઈવાર પાછું નહિ ફરવું પડે એવી પ્રતીતિ શું આવી શકે?

પૂજ્ય બહેનશ્રી :—હા, એવી પ્રતીતિ આવવી જોઈએ કે આ જ્ઞાયક જ સત્યાર્થરૂપ છે, કલ્યાણરૂપ છે અને અનુભવવા યોગ્ય છે, તેમાંથી જ તૃપ્તિ અને આનંદ આવશે. સમયસારમાં આવે છે ને કે :–

> "આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને!
> આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો ઉત્તમ થશે."

જેમાંથી તૃપ્તિ થશે, જેમાંથી બહાર આવવાનું મન નહિ થાય એવા તૃપ્ત- સ્વરૂપ, સંતોષસ્વરૂપ આત્માને ગ્રહણ કર.

તું ગોતે છે બધું બહાર, પણ અંદરમાંથી બધું પ્રગટ થશે. તારે આનંદ કે જ્ઞાન માટે બહાર ફાંફાં નહિ મારવા પડે, અંતરદ્રષ્ટિ થતાં જ્ઞાન-આનંદ તેની મેળાએ સ્વયં પરિણમશે. જેમાં કોઈ થાક નથી, કષ્ટ નથી, એવો આત્મા પ્રગટરૂપે સહજ પરિણમશે. પણ શરૂઆતની ભૂમિકામાં પલટો ખાવામાં મુશ્કેલી પડે છે અને કઠણ લાગે છે.

❁ શ્રોતા :—પહેલાં પરને આધારે મારું જીવન છે એમ ભાસતું હતું. સ્વભાવ સમજ્યા પછી મારું જીવન મારે આધારે છે એમ લાગે ખરું?

સમાધાન :—કોઈના આધારે હું નથી. હું પરથી ટકું છું કે પરથી મારું જીવન છે એમ નથી; પરંતુ સ્વયં મારા અસ્તિત્વથી હું ટકેલો છું, હું સ્વયં જ્ઞાયક એક પદાર્થ છું. કોઈ અન્ય પદાર્થથી (સાધનોથી) ટકું એવું મારું તત્ત્વ નથી. મારે કોઈ પરપદાર્થના આશ્રયની જરૂર નથી. આવું સ્વરૂપ હોવા છતાં પોતે એકત્વબુદ્ધિ કરીને અટકી ગયો છે.

સ્વતઃસિદ્ધ સ્વભાવ તેને કહેવાય કે જેને પરના આશ્રયની જરૂર પડે નહિ. જે સ્વતઃસિદ્ધ સ્વભાવ હોય તે સ્વયં પરિણમે અને તે સ્વભાવ અમર્યાદિત હોય છે. તેથી જ્ઞાન–આનંદ આદિ અનંતા ગુણોનો જે સ્વભાવ છે તેને મર્યાદા નથી, અનંત જ છે.

આવા સ્વભાવની મહિમા આવે તો તે પોતા તરફ જાય છે.

બહારથી ને વિભાવની પરિણતિથી–વિકલ્પની ઘટમાળથી–તેને થાક લાગે તો પોતાના ચૈતન્યનો આશ્રય ગ્રહણ કરે. જો તે બહારથી થાકતો નથી તો પોતાનો આશ્રય લેવો કઠણ પડે છે. તેને થાક લાગે કે આ વિભાવ પરિણતિ તો કૃત્રિમ છે, સહજ નથી, તેમ જ કષ્ટરૂપ છે, દુઃખરૂપ છે તો પોતાના સહજ સ્વભાવનો આશ્રય ગ્રહણ કરવાની અંદરથી જિજ્ઞાસા–ભાવના થયા વગર રહેતી નથી.

❁ શ્રોતા :—પૂજ્ય ગુરુદેવે એવું વસ્તુનું સ્વરૂપ કહ્યું છે કે વિભાવમાં ઊભા રહેવાનું મન ન થાય અને આ બાજુ ભગવાન આત્મા બિરાજે છે તેનું આકર્ષણ-ખેંચાણ રહ્યા જ કરે. એમાં આપને શું કહેવું છે?

પૂજ્ય બહેનશ્રી :—આલોચનાના પાઠમાં આવે છે કે મારા ગુરુએ મારા હૃદયમાં ઉપદેશની એવી જમાવટ કરી છે કે તેની આગળ આ પૃથ્વીનું રાજ્ય તો શું, ત્રણ લોકનું રાજ્ય પણ મને ઈષ્ટ નથી. તેમ આપણા ગુરુદેવે ઉપદેશની એવી જમાવટ કરી છે કે બીજે ક્યાંય રુચિ લાગે નહિ. ગુરુદેવે જે ઉપદેશની જમાવટ વર્ષો સુધી કરી તેને જો પોતે ગ્રહણ કરી હોય તો કોઈ જગ્યાએ ચિત્ત ચોંટે નહિ. ગુરુદેવનો વર્ષો સુધી ઉપદેશ મહાભાગ્ય હોય તો મળે. આવા કાળમાં, આવા ગુરુ મળવા અને વર્ષો સુધી ઉપદેશ મળવો તે મહાભાગ્યની વાત છે. કોઈ ઊંડેથી સમજે કે ન સમજે પણ વાણીમાં દરેકને અપૂર્વતા લાગતી કે બધાથી કાંઈક જુદું કહી રહ્યા છે.


❁ શ્રોતા :—વચનામૃતમાં આવે છે કે સ્વભાવની વાત સાંભળતાં હૃદયમાં સોંસરવટ ઘા લાગે, તો એમાં શું કહેવું છે?

પૂજ્ય બહેનશ્રી :—આ જુદી જ જાતનું કહે છે. ને હું તો આ વિભાવ સાથે એકત્વ થઈ રહ્યો છું —એમ અંદરથી સ્વરૂપ તરફ જવાનો કોઈ જુદો જ ઘા લાગે અને તે સોંસરવટ લાગી જાય. અત્યાર સુધી આ પરિભ્રમણ કર્યું અને આમાં જ ઊભો છું–એમ ઘા વાગે ને પોતા તરફ જવા માટે પુરુષાર્થ અંદરથી ઊપડી જાય. ગુરુદેવની વાણીનું પ્રબળ નિમિત્ત હતું. વાણી સાંભળતાં અપૂર્વતા લાગે તો ભેદજ્ઞાન થઈ જાય એવો ઘા વાગે, અંદરથી પોતે જુદો પડી જાય. જેનું ઉપાદાન તૈયાર થાય તેને ભેદજ્ઞાન થયા વિના રહે નહિ, તેવું તેમનું નિમિત્ત હતું. ✶ ✻ ✶



**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ પ્રેરિત**
**શ્રી કુંદકુંદ–કહાન પરિવાર યુવકમંડળ આયોજિત**

# વચનામૃત વર્ષ



**સૌજન્ય : શ્રીમતી લાભુબેન ચીમનલાલ મોદી પરિવાર હ. હિનાબેન-વિજયભાઈ તથા પારસ**

## પ્રશ્નપત્ર ક્રમાંક—૯ (કુલ માર્કસ-૫૦)

**(અભ્યાસક્રમ : (૧) ગુરુદેવશ્રીના વચનામૃત ક્રમાંક ૨૦૪ થી ૨૩૨,**
**(૨) બહેનશ્રીના વચનામૃત ક્રમાંક ૨૯૪ થી ૩૪૨)**

પરીક્ષાર્થીનું નામ : ........................................ ગામનું નામ : .....................

મંડળનું નામ : ............................................... ઉંમર : .....................

ફોન નં.: ..................................................... તા. -૧૦-૨૦૧૧

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
**(૨) પ્રશ્નોના ઉત્તર વચનામૃતના આધારે આપવા જરૂરી છે.**

માર્ક્સ

**પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) (૯)

(૧) સર્વજ્ઞનો નિર્ણય—સ્વીકાર કરવાથી આત્મકલ્યાણનો પુરુષાર્થ કઈ રીતે થાય? વિગતે ચર્ચો (બોલ નં. ૨૧૦)
(૨) કર્તા, કર્મ, કરણ વગેરે છ કારકોરૂપે આત્મા જ સ્વયં પરિણમે છે. વિસ્તારથી ચર્ચો. (બોલ નં. ૨૧૩)
(૩) આ દેહ કેવો છે? તે દેહને પવિત્ર ક્યારે કહેવાય? (બોલ નં. ૨૨૯)

**(બ) નીચે આપેલા વિષયોમાંથી કોઈપણ એક વિષય ઉપર ૧૫ થી ૨૦ લીટીમાં મૌલિક નિબંધ તમારા શબ્દોમાં લખો.** (બહેનશ્રીનાં વચનામૃત) **(૯)**

(૧) શું કરવાથી ચૈતન્ય પ્રગટે? તે વખતે જ્ઞાન કેવો વિવેક કરે? (બોલ નં. ૩૨૧-૩૨૨)
(૨) મુનિરાજની સાધના કેવી હોય છે? તેમને કેવળજ્ઞાન પ્રગટ થતાં શું થાય છે? (બોલ નં. ૩૩૦)
(૩) આત્માર્થીએ અંતરમાં કોની સાથે અને બહારમાં કોની સાથે પ્રયોજન રાખવું? શા માટે? (બોલ નં. ૩૪૨)

**પ્રશ્ન : ૨ (અ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (ગુરુદેવશ્રીનાં વચનામૃત) **(૩)**

(૧) બહિરાત્માઓ નિરંતર દુઃખી છે અને ધર્માત્માઓ નિરંતર સુખી છે કારણો આપી સમજાવો. (બોલ નં. ૨૦૬)
(૨) મોક્ષનું કારણ શું છે ? અને બંધનું કારણ શું છે? શા માટે? (બોલ નં. ૨૦૯)
(૩) આત્માનો સ્વભાવ કઈ રીતે પકડાય? (બોલ નં. ૨૧૯)

**(બ) નીચે આપેલ પ્રશ્નોમાંથી કોઈપણ એક પ્રશ્નનો ઉત્તર વચનામૃતના આધારે તમારા મૌલિક શબ્દોમાં લખો. (પાંચથી દસ લીટી)** (બહેનશ્રીનાં વચનામૃત)**(૩)**

(૧) જીવનું મૂળ સ્વરૂપ બતાવનાર ગુરુની વાણી સાંભળતાં જિજ્ઞાસુ કોની જેમ જાગી ઊઠે છે. (બોલ નં. ૩૦૯)
(૨) શાનાથી આત્મા તરી શકે? શાનાથી ન તરાય? ભગવાનની મહિમા સમજવાની જરુર શી છે? વિગતે ચર્ચો (બોલ નં. ૩૧૬)

(૩) આત્માર્થી ક્યા પ્રકારે વિચારે છે? તેમાં મૂળભૂત બાબત કઈ છે? (બોલ નં. ૩૧૮)

**પ્રશ્ન : ૩ (અ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) આત્માર્થીને ક્યાં સુધી સુખેથી ઉંઘ ન આવે?

(૨) મુનિવરોને જગતના બાહ્ય વિષયોમાં જરાપણ આસક્તિ હોતી નથી શા માટે?

(૩) સમ્યગ્દર્શન વગરની સર્વ કરણી, કોના સમાન વ્યર્થ છે?

(૪) ગમે તેવા સંયોગમાં, ક્ષેત્રમાં, કે કાળમાં જીવ શું કરે તો મોક્ષમાર્ગ અને મોક્ષને પ્રાપ્ત કરે?

(૫) "વક્તાને શાસ્ત્ર વાંચન દ્વારા આજીવિકાદિ લૌકિક કાર્યો સાધવાની ઈચ્છા ન હોવી જોઈએ," શા માટે?

(૬) ઉત્તમ શિષ્ય પોતાના ગુણની પર્યાયને વિકસિત કરવા માટે વ્યવહારમાં શું કરે?

**(બ) નીચે આપેલા પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો. (૬)**

(૧) પરિભ્રમણ કરતાં અનંતકાળ વીત્યો, ત્યાં જીવે આત્માનું કરવું છે એવી ભાવના તો કરી, પણ શું ન કર્યું?

(૨) જ્ઞાની શાનાથી ભયભીત છે? અને કેવી રીતે નિર્ભય છે? તેમણે શું છોડી દીધું છે?

(૩) ચૈતન્યની સાથે શું વણાઈ જાય તો કાર્ય થાય જ?

(૪) બહારના–વિભાવના આનંદ–સુખાભાસ સાથે, શાના આનંદનો મેળ નથી? તે સાચો આનંદ કઈ રીતે મળે?

(૫) મુનિરાજ વંદના–પ્રતિક્રમણ આદિમાં માંડ-માંડ જોડાય છે? શા માટે?

(૬) આત્મા ક્યા બળે છૂટો પડે તેમ નથી? ક્યા જોરથી છૂટો પડે છે?

**પ્રશ્ન : ૪ (અ) નીચેના દરેક પ્રશ્નના માત્ર એક વાક્યમાં ઉત્તર આપો. (૬)**

૧. કઈ વિપદા વાસ્તવમાં વિપદા નથી. કઈ સંપદા વાસ્તવમાં સંપદા નથી?

૨. શ્રી કુંદકુંદઆચાર્યદેવે કયા ભગવાનની દિવ્યધ્વનિ સાંભળી? ત્યારબાદ તેઓએ શું કર્યું?

૩. મુનિનું ભાવલિંગ શું છે અને તેનું દ્રવ્યલિંગ શું છે?

૪. આ કાળે આપણને ઉત્તમ સાથીદાર કોણ મળ્યા છે?

૫. ચૈતન્યની ધરતી શાનાથી ભરેલી છે? શું કરવાથી તે ફાલી નીકળશે?

૬. કેવા પ્રસંગોથી દૂર ભાગવામાં લાભ છે? શાના માનથી દૂર રહેવું સારું છે?

**(બ) દરેક પ્રશ્નના ઉત્તર માત્ર એક શબ્દમાં આપો. (૪)**

(૧) સમ્યગ્દર્શન કેવું રત્ન છે?

(૨) ધર્માત્માને શાના પ્રત્યે અભેદબુદ્ધિથી પરમ વાત્સલ્ય હોય છે?

(૩) જેણે શાંતિનો સ્વાદ ચાખ્યો તેણે શું પાલવતું નથી?

(૪) આત્માર્થીને કોના સાન્નિધ્યમાં પુરુષાર્થ સહેજે થાય છે?

**(ક) ખાલી જગ્યા પૂરો. (૪)**

(૧) સંયોગોના વધવાથી આત્માની વૃદ્ધિ માનવી તે તો .................. હારી જવા જેવું છે.

(૨) જેને રાગનો રસ છે તે ....................... છે.

(૩) જીવ રાગ અને જ્ઞાનની ..................... ગૂંચવાઈ ગયો છે.

(૪) તત્ત્વનો ઉપદેશ ................. જેવો છે. તદનુસાર પરિણમતાં..................ઊભો રહેતો નથી.

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી ૮-૨૦ | : જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પ્રવચનસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૩૦ થી ૫-૦૦ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે વિશાળ પરમાગમમંદિર અને પ્રવચનના સમયે સ્વાધ્યાયમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે રાજકોટ તથા અન્ય ગામોથી બધા મળીને ૫૦૦ થી વધુ મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

**❀ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી ❀**

શ્રી સમયસાર પરમાગમના પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૬-૧૦-૨૦૧૧ ગુરુવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવ્યો.

❀ **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ દશમ, શનિવાર તા. ૨૨-૧૦-૧૧ થી આસો વદ ૩૦, બુધવાર તા. ૨૬-૧૦-૧૧, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

❀ કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨૭-૧૦-૧૧, ગુરુવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

❀ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૮, ગુરુવાર, તા. ૩-૧૧-૨૦૧૧ થી કારતક સુદ ૧૫, ગુરુવાર, તા. ૧૦-૧૧-૨૦૧૧—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

# અમેરિકામાં દસલક્ષણપર્વ સાનંદ સંપન્ન તથા

## ઈ.સ. ૨૦૧૨માં પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૩મી જન્મજયંતી તથા ત્રિદિવસીય ધાર્મિક શિબિરનું ભવ્ય આયોજન

અમેરિકાસ્થિત ટેમ્પા (ફ્લોરિડા)ના જિનમંદિરમાં દશલક્ષણપર્વ મહોત્સવ અત્યંત ભવ્ય રીતે સંપન્ન થયાં. વાંકાનેરનિવાસી જૈન વિદ્વાન શ્રી સુભાષભાઈ શેઠ અમેરિકાની સંસ્થાના નિમંત્રણનો સ્વીકાર કરીને ત્યાં પધાર્યા હતા. દસ દિવસનો ભરચક કાર્યક્રમ થયો હતો. એમાં બે દિવસની ધાર્મિક શિક્ષણ શિબિરનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ પર્વ દરમ્યાન ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનું વિશાળ ચિત્રપટ (૪'x૩') જિનમંદિરના ભવ્ય હોલમાં સેંકડો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં બિરાજમાન કરવામાં આવ્યું હતું. તદ્ઉપરાંત જિનમંદિરમાં પુસ્તકાલયની યોજનાની પણ ઘોષણા કરવામાં આવી હતી. જૈન ધર્મના શાસ્ત્ર તથા કોમ્પ્યુટરાદિથી જૈન સાહિત્ય ઉપલબ્ધ થઈ શકે એવું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ બધા કાર્ય તથા ચિત્રપટ માટે ડૉ. દિલીપભાઈ મહેતા તથા ડૉ. સિદ્ધાર્થભાઈ શાહ તરફથી ઉદારહૃદયી દાનની જાહેરાત થઈ હતી. આ કાર્યમાં જૈન સેન્ટરના પ્રેસીડેન્ટ ડૉ. રાકેશભાઈ શાહ તરફથી ઉત્તમ માર્ગદર્શન મળેલ પ્રાપ્ત થયું હતું.

ઈ.સ. ૨૦૧૨ દરમ્યાન પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીની ૧૨૩મી જન્મજયંતી તથા ત્રિદિવસીય આધ્યાત્મિક શિબિરનું ટેમ્પા (ફ્લોરિડા)માં આયોજન કરવાની જાહેરાત થઈ હતી. આ મહોત્સવના સૌજન્યનું સૌભાગ્ય ડૉ. રાકેશ શાહ તથા ડૉ. સિદ્ધાર્થ શાહને પ્રાપ્ત થયું છે. આ કાર્યક્રમને ભવ્યરૂપે ઊજવવાનું આયોજન થયું છે. માટે બધાને આ કાર્યક્રમમાં સામેલ થવા ભાવભર્યું નિમંત્રણ છે.

વધુ વિગત માટે સંપર્ક :— **હસમુખ મગનલાલ શાહ**
પ્રેસિડેન્ટ : જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ (યુ.એસ.એ.)
**email : hasmukh33@yahoo.com**

## વૈરાગ્ય સમાચાર :

સુરેન્દ્રનગરનિવાસી શ્રી હસમુખલાલ જગજીવનદાસ શાહ (વર્ષ-૮૦) તા. ૩-૯-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઘણી રુચિ હતી.

ઉદયપુરનિવાસી બ્ર. રોશનબાઈ તા. ૪-૯-૧૧ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો ગોગીદેવી બ્રહ્મચર્યાશ્રમમાં રહીને સોનગઢમાં ઘણો લાભ પ્રાપ્ત કર્યો હતો. તેઓ તત્ત્વપ્રેમી હતા ને ઉદયપુર મુમુક્ષુમંડળમાં સક્રિય ભાગ લેતા હતા.

સોનગઢનિવાસી શ્રી શાંતિલાલ ગીરધરલાલ જોડીયાવાળા (વર્ષ-૧૦૦) તા. ૬-૧૦-૧૧ના રોજ શાંતિપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ નાની ઉંમરથી લગભગ ૭૨ વર્ષ કાયમી સોનગઢ વસવાટ કરીને પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો ઘણો લાભ લીધો હતો. તેઓ ઘણા તત્ત્વ-અભ્યાસી હતા.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

❀ દયા, દાન આદિ ભાવોમાં જે રાગ મંદ કર્યો છે તે પુણ્ય છે, દુઃખ છે. તે ભાવમાં સમ્યગ્દષ્ટિને, તેનું સ્વામિત્વ નહીં હોવાથી, પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે અને મિથ્યાદષ્ટિને, રાગનું સ્વામિત્વ હોવાથી, પાપાનુબંધી પુણ્ય બંધાય છે. જે ભાવે તીર્થંકરનામકર્મ બંધાય તે શુભ રાગ પણ દુઃખ છે, સુખસ્વરૂપ તથા સુખનું કારણ તો ભગવાન જ્ઞાયક આત્મા છે. અંદર ભગવાન આત્માની જે આનંદદશા છે તે રાગનું કાર્ય પણ નથી. 'આત્મખ્યાતિ' ટીકાના પરિશિષ્ટમાં એક 'અકાર્યકારણત્વશક્તિ' કહી છે. તે શક્તિનો ધ્વનિ ૭૨મી ગાથાની ટીકામાં રહેલો છે. રાગની દિશા, ભલે તીર્થંકરનામકર્મનો શુભ રાગ હો પણ, પર તરફ છે અને વીતરાગભાવની દિશા સ્વ તરફ છે. મોક્ષપાહુડની ૧૬મી ગાથામાં કહ્યું છે કે—'परदव्वाओ दुग्गई' પરાશ્રય ભાવથી, ભલે તે શુભભાવ હો, દુર્ગતિ થાય છે. પરમાર્થદષ્ટિએ તો દેવાદિ ચારેય દુર્ગતિ છે, માત્ર જ્ઞાયકભાવરૂપ પરિણમન તે એક જ સુગતિ છે. અહા! ગજબ વાત છે ને! શ્રી કુંદકુંદાચાર્ય અને ભગવાન પણ એમ કહે છે કે—અમે તમારી અપેક્ષાએ પરદ્રવ્ય છીએ. અમારા તરફ પણ તમારું લક્ષ જશે, અભિપ્રાયનું વજન જશે તો તમારા ચૈતન્યની દુર્ગતિ–વિભાવ પરિણમન થશે. અરેરે! લોકોને મૂળ તત્ત્વની તો ખબર જ નથી. 'सदव्वाओ सुगई'—પૂર્ણ જ્ઞાનાનંદસ્વરૂપ નિજ ભગવાન આત્માનું યથાર્થ લક્ષ કરીને જે અનુભૂતિ થઈ તે ચૈતન્યની સુગતિ છે, તેનું ફળ સુગતિ એટલે કે સિદ્ધદશા છે. સિદ્ધદશા સુગતિ છે ને ચાર ગતિ છે તે દુર્ગતિ છે. ૫૮૫.

❀ મિથ્યાદષ્ટિ જીવ, વિકારનો કર્તા પુદ્‌ગલકર્મ આદિ નિમિત્ત છે તેમ માને છે. તેને કહે છે કે વિકારનો કર્તા પુદ્‌ગલકર્મ નથી પણ અજ્ઞાની જીવ પોતે જ વિકારનો કર્તા છે. બીજી બાજુ કહે કે સમ્યગ્દષ્ટિ જીવ વિકારનો કર્તા નથી પણ પુદ્‌ગલકર્મ તેનો કર્તા છે. ત્યાં સમ્યગ્દષ્ટિ વિકારનો સ્વામી ન હોવાથી અને વિકાર પુદ્‌ગલના લક્ષે થતો હોવાથી પુદ્‌ગલકર્મને તેનો કર્તા કહ્યું છે. વળી એમ પણ કહે છે કે સમ્યગ્દષ્ટિ વિકારનો કર્તા પણ છે ત્યાં વિકારનું પરિણમન છે તે પોતાનું છે એથી પર્યાયના દોષનું જ્ઞાન કરાવવા કહ્યું છે. વળી કોઈ શાસ્ત્રમાં એમ પણ આવે છે કે વિકાર તે જીવનું એકલાનું કાર્ય નથી પણ જીવ અને કર્મ બન્ને ભેગા મળીને વિકાર થયો છે, જેમ પુત્રની ઉત્પત્તિ એ માતા–પિતા બન્નેનું કાર્ય છે. ત્યાં એમ કહેવું છે કે વિકાર જીવનો છે પણ કર્મના લક્ષે થયો છે—એમ ઉપાદાન–નિમિત્તનું પ્રમાણજ્ઞાન કરાવવાનું કથન છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તેમ સમજવું જોઈએ. ૫૮૬.

*

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૧
અંક-૨ ✻ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## અહો! આ જ્ઞાનની પર્યાયનું આટલું જોર

જેને કેવળજ્ઞાનની પર્યાયનો મહિમા આવે, જગતના સર્વદ્રવ્યોની (જે પર્યાયો) થઈ, થાય છે, થશે એ સર્વ પર્યાયોને એક સમયમાં જાણી લે, બધા દ્રવ્યોની પર્યાયોને વર્તમાનવત્ જાણી લે, એવી જ્ઞાનપર્યાયોનું માહાત્મ્ય આવે તેને તેની ધૂન લાગે, અને એવી પર્યાયના ધરનાર દ્રવ્યની ધૂન લાગે, એ ધૂનમાંથી ધ્યાન થઈ જાય છે....જ્ઞાનની આવડી મોટી પર્યાય! એમ જ્ઞાનની પર્યાયની તાકાતનો ભરોંસો કરવા જાય ત્યાં તેને ધ્યાન થયા વિના રહે નહિ,—એની ધૂન પર્યાય ઉપર ન રહેતાં ગુણ ઉપર ધૂન જાય અને એમાં કેવળજ્ઞાનની પ્રત્યક્ષતા થઈ જાય. જેના જ્ઞાનની વર્તમાન એક દશામાં ત્રણ કાળની પર્યાયને જાણે, અહો! આ જ્ઞાનની પર્યાયનું આટલું જોર! આટલી જોરદાર! એ જ્ઞાનગુણની ધૂન વિના એને જોર આવે જ નહીં!

**–પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી**

**Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.**

**Editor : Anantrai Vrajlal Shah.**

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

**www.kanjiswami.org**
**email : contact@kanjiswami.org**